## જન્મદિને વધામણી



દિપકકુમાર જયંતકુમાર ગોહિલ



મિહિર દિપકકુમાર ગોહિલ



સુરેશભાઈ નટવરલાલ ત્રિવેદી
મો. ૯૯૭૯૭ ૦૬૫૭૭



જૈમિન ડી વૈદ્ય
મો. ૯૮૨૫૪ ૮૮૪૦૮

# નગરના તારકોનો અભિનય ચળકાટ





## ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીની આર્થિક સહાયથી નિર્મિત, કુંતલ નિમાવત લિખિત અને દિવ્યકાન્ત વર્મા દિગ્દર્શિત નાટક 'પિયુ મનભાવન'ના માધ્યમથી ગાંધીનગરના કલાકારોએ પોતાના અભિનય કૌશલની મજબૂત સાબિતી આપી

'દરેક માબાપની એવી ઈચ્છા હોય કે પોતાનો દીકરો યુવાન થાય, ભણીગણીને તૈયાર થાય એટલે કમાતો થઈ જાય. મારા માબાપની પણ એવી ઈચ્છા હતી, પરંતુ હું એમ કરવામાં દસ વર્ષ મોડો છું...'

આમ કહેતાં વક્તાની આંખો ભીની થઈ ગઈ, એનો અવાજ ભીંજાઈને ગળામાં જ અટકી ગયો અને બોલવાનું બંધ થઈ ગયું. પ્રેક્ષકો પણ સ્તબ્ધ થઈ ગયા. અને એક ભારે ચૂપકિદી હૉલમાં છવાઈ ગઈ.

અને એક પરિચિત, સદાબહાર અવાજ સ્ટેજ પરથી ગૂંજ્યો, 'એટલી તાળીઓ વગાડો કે આનો બધો જ અફસોસ આજે ઑગળી જાય.' પ્રેક્ષકો જાણે બેહોશીમાંથી હોશમાં આવ્યા અને તાળીઓના ગડગડાટથી વક્તાને વધાવી લીધો. અજબનો માહોલ સર્જાયો : સૌની આંખો આંસૂ ચમકાવતી હતી અને મોઢાં સ્મિત.

ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીની આર્થિક સહાયથી નિર્મિત નાટક 'પિયુ મનભાવન'ની ગાંધીનગર ખાતે ડૉ. આંબેડકર ભવનમાં રજૂઆત પછી આ માહોલનું સર્જન થયું હતું. પોતાના માતાપિતાની અપેક્ષાઓ પર દસ વર્ષ મોડા ખરા ઉતરવાનો અફસોસ વ્યક્ત કરનાર વક્તા હતા દિવ્યકાન્ત વર્મા અને પોતાની સદાબહાર અદાથી એ અફસોસને ઑગાળી નાખનાર હતા નાટ્યકાર કુંતલ નિમાવત. આ સુંદર નાટક પણ બંનેના સાયુજ્યનું પરિણામ, જેમાં લેખન અને દિગ્દર્શનના ચમકારાએ તો વારંવાર આંખોને આંજી જ, પણ અભિયની બાબતમાંય આ નાટક તગડું સાબિત થયું. દિવ્યકાન્ત વર્મા અને કુંતલ નિમાવત જેવા સિનિયર ઍક્ટર્સ ઉપરાંત ગાંધીનગરની ઉજળી આવતીકાલ સમા અભિનેતા ફાલ્ગુન નંદા, હિમાની માંકડ, હાર્દિકા શુક્લ અને કરણ રાજવીર પણ મજબૂત સાબિત થયાં. કરિશ્મા પાટડીયા, પ્રતીક પ્રજાપતિ અને સંજયસિંહ રાઠોડ પણ પોતાનો રોલ નિભાવી ગયાં.

સંગીત સંચાલન કર્યું રોનક સુતરિયાએ અને લાઈટ સંચાલન મયુર ભાટિયાએ. મેક-અપ, ડ્રેસીંગ, નેપથ્યની જવાબદારી નિભાવી જયશ્રીબેન નંદા, પ્રતિક્ષા નિમાવત, દેવલ રામાવત અને સુજાન ગઢવીએ.

સૌએ પોતાનું કામ સારી રીતે કર્યું ને એનું પરિણામ નાટકમાં દેખાયું. ગાંધીનગર ઉપરાંત રાજપુરા, રાંધેજા, દહેગામ અને રંગમંડળ-અમદાવાદ ખાતે પણ આ નાટકના સફળ શો યોજવામાં આવ્યા હતા, જેમને પ્રેક્ષકોનો પ્રોત્સાહક પ્રતિસાદ પ્રાપ્ત થયો હતો.

## ડાયરેક્ટ ❤ સે

પ્રેમ
એ થોડો કંઈ
વ્યવહાર છે ?
કે તમે કરો
તો જ હું કરું ?

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય.

- સંપાદક

## સમસ્ત મહાજનના ગિરીશભાઈ શાહની પશુ કલ્યાણ બૉર્ડમાં વરણી

ગાંધીનગર, તા. ૧૮

જીવ દયા, પર્યાવરણ અને માનવતાલક્ષી કાર્યો માટે સમસ્ત મહાજન સંસ્થા, મુંબઈ આદરભર્યું સ્થાન ધરાવે છે. આ સંસ્થાના મૅનેજિંગ ટ્રસ્ટી ગિરીશભાઈ શાહની કેન્દ્ર સરકારના પશુ કલ્યાણ બૉર્ડમાં સભ્ય તરીકે વરણી કરવામાં આવી છે. આ માસે જારી કરવામાં આવેલી અધિકૃત યાદીમાં કેન્દ્ર સરકારના પર્યાવરણ, વન અને જલવાયુ મંત્રાલયે આ વરણી કરી છે.

ગિરીશભાઈ શાહ કેટલાંય વર્ષોથી સેવાક્ષેત્રે પ્રવૃત્ત છે. સમસ્ત મહાજન સંસ્થા છેલ્લાં ૧૬ વર્ષોથી આ દિશામાં તેમના દૂરંદેશીભર્યા માર્ગદર્શન હેઠળ સીમાચિહ્નરૂપ સેવાકાર્યો કરે છે. પશુ કલ્યાણ બૉર્ડમાં ગિરીશભાઈની વરણી પશુઓ પ્રતિ ક્રૂરતા નિવારણ અધિનિયમ-૧૯૬૦ અંતર્ગતના અધિકારો મુજબ કરવામાં આવી છે. કુલ ૧૮ સભ્યોનું બનેલું આ બૉર્ડ પશુ કલ્યાણ માટે દેશભરમાં સંનિષ્ઠ પ્રયાસો અ[illegible] અનુમોદનીય કાર્યો કરે છે.



પ[illegible]શુ કલ્યાણ બૉર્ડનું દર ત્રણ વર્ષે પુનર્ગઠન કરવામાં આવે છે. હાલનું પુનર્ગઠન પહેલી માર્ચના રોજ ઠરાવવામાં આવ્યું હતું.

સદૈવ સૌમ્ય પ્રતિભા ધરાવતા અને વ્યસ્ત વેપાર વચ્ચે પણ સેવાકાર્યો માટે અચૂકપણે સમય ફાળવનારા ગિરીશભાઈએ પશુ કલ્યાણ બૉર્ડમાં થયેલી પોતાની વરણીને વધુ સુકૃતો કરવા માટેના ઈશ્વરીય ઈજન તરીકે લેખાવ્યું હતું. ગિરીશભાઈએ જણાવ્યું હતું, 'પશુ કલ્યાણ સહિતનાં સત્કાર્યો કરવા માટે મને સાધુ-સંતોએ પ્રેર્યો અને સમાજને પ્રોત્સાહિત કર્યો. સાથીઓ અને દાનવીરોના સબળ સાથે મને આ મોરચે આગળ વધવામાં મદદ કરી. કેન્દ્ર સરકારે વાસ્તવમાં મારાં નહીં પણ અમારાં સહિયારા કાર્યોની નોંધ લીધી કહેવાય. પશુ કલ્યાણ બૉર્ડના સભ્ય તરીકે મારો વિનમ્ર પ્રયાસ રહેશે કે મહત્તમ સારાં કાર્યો થાય. જીવમાત્રનો આદર અને જીવનમાત્રની રક્ષાના સિદ્ધાંતથી સર્જાયેલી ભારતીય સંસ્કૃતિને વધુ સબળ કરવા માટે હું બનતું યોગદાન આપીશ.' સમસ્ત મહાજન સંસ્થાએ કરેલાં સત્કાર્યોથી સમગ્ર દેશ પરિચિત છે. આ સંસ્થાના મોભીને હવે કેન્દ્ર સરકારના પશુ કલ્યાણ બૉર્ડ અંતર્ગત કાર્ય કરવાની તક મળ્યાથી તેના દાનવીરો અને કાર્યકર્તાઓ પણ અનહદ આનંદ અને સંતોષની લાગણી અનુભવી રહ્યા છે.

## અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજ તથા રોજગાર કચેરીના સંયુક્ત ઉપક્રમે ભરતી મેળો યોજાયો



ગાંધીનગર, તા. ૧૮

જિલ્લા રોજગાર કચેરી, ગાંધીનગર તથા અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજના સંયુક્ત ઉપક્રમે ઍસ કે પટેલ બિલ્ડીંગ લોન ખાતે વિનામૂલ્યે ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ ભરતી મેળામાં ૩૧ નોકરી દાતા તથા ૧૭૦૪ જેટલા નોકરી વાંચ્છુકોએ ભાગ લીધો હતો.

આ ભરતી મેળાનો શુભારંભ ગાંધીનગર જિલ્લા કલેક્ટર સતીષ પટેલના હસ્તે દીપ પ્રાગટ્યથી કરવામાં આવ્યો હતો. તેમણે હાજર નોકરી વાંચ્છુકોને જણાવ્યું હતું કે નોકરીદાતાઓ અને નોકરી વાંચ્છુકો માટે આવા ભરતી મેળા ઉપયોગી છે. આવા ઉપક્રમથી નોકરી વાંચ્છુકોને એક જ સ્થળે પોતાની યોગ્યતા પૂરવાર કરવાની તક મળી રહે છે.

કાર્યક્રમ અન્વયે કડી સર્વ વિશ્વવિદ્યાલયના ઈન્ડસ્ટ્રી ઈન્સ્ટીટ્યુટ ઈન્ટરૅક્શન સૅલના સંયોજક ડૉ. ભાવિન પંડ્યાએ જણાવ્યું હતું કે સમગ્ર જિલ્લાના યુવાનોને શહેરમાં કારકિર્દી ઘડવાની સુંદર તકો સાંપડી રહી છે, જેનો લાભ યુવાનોએ ખૂલીને લેવો જોઈએ.

આ તબક્કે કૉલેજનાં આચાર્ય ડૉ. વિજ્ઞા ઓઝાએ આભાર દર્શન કરતાં જણાવ્યું હતું કે રોજગાર કચેરીના માધ્યમથી માનવ બળ મેળવવામાં ખૂબ જ સુગમતા રહે છે, જેના કારણે આવાં આયોજનો સફળતા પામે છે.

રોજગાર વાંચ્છુકોને વિશ્વ-વિદ્યાલય તરફથી ફૂટ પૅકેટ્સ પણ આપવામાં આવ્યાં હતાં. ઉપસ્થિત પૈકી ૧૧૦૦ યુવાનોને પ્રથમ તબક્કાની પસંદગીમાં સામેલ કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે અધ્યાપક ડૉ. ચેતન ઠાકર અને હિમાંશુ ઠક્કરે જહેમત ઊઠાવી હતી.

## ગુજરાત રાજ્યનું ગૌરવ



વોસ્વો, પૉલેન્ડ ખાતે ૨ ૩થી ૨૭ માર્ચ દરમિયાન યોજાઈ રહેલી ૪૦મી ઈન્ટરનૅશનલ ચિલ્ડ્રન ફૅન્સિંગ માટે પ્રેરણા વિદ્યાલય, ગાંધીનગરની વિદ્યાર્થીની પાર્વતી ઠાકોર પસંદગી પામી છે. રાજ્યભરમાંથી આ ટુર્નામેન્ટ માટે પસંદગી પામનાર તે એકમાત્ર ખેલાડી છે.

આ ગરવી ખેલાડીને વિદ્યાલયના ટ્રસ્ટી પ્રદીપસિંહ બિહોલા અને આચાર્ય મનિષભાઈ ખત્રીએ શાળા પરિવાર વતી શુભકામનાઓ પાઠવી છે.

## આર્ટ લવર્સના રંગોત્સવમાં 'હાસ્ય કવિ' અને 'ક્વિન હરિશ'નો ડબલ બોનાન્ઝા





## ક્વિન હરિશે શ્રોતાઓની નાડ પારખીને જલસા કરાવ્યા અને આર્ટ લવર્સ આયોજિત હોળી-ધૂળેટીના રંગોત્સવમાં ખરા અર્થમાં અબીલ-ગુલાલથી ખુશીઓના રંગો પૂરી આપ્યા

ગાંધીનગરની વૈવિધ્યસભર સાંસ્કૃતિક સંસ્થાઓ એમના એકાદ કાર્યક્રમની આગવી ઓળખ ધરાવે છે. એમાં આર્ટ લવર્સનો રંગોત્સવ એ હંમેશાં આકર્ષણનું કેન્દ્ર બને છે. આ વર્ષે રંગોના તહેવારને રંગીન બનાવવા એમણે હિન્દી ભાષાના પ્રખ્યાત હાસ્ય કવિઓનું સંમેલન ગોઠવ્યું અને સાથે જ જેસલમેરના જલવા સમાન ક્વિન હરિશના શો સાથે સભ્યોને ડબલ બોનાન્ઝાનો જલસો કરાવ્યો.

મૈં જિંદગી કી હકીકત ઈતની આસાની સે બતા નહીં સકતા,
એક ક્વિન્ટલ કા બોરા જો ઊઠા સકતા હૈ વો ખરીદ નહીં સકતા

જેવી ધારદાર લાઈનો સાથે રાજેન્દ્ર મૌલવી (આલસી)એ એમની આળસની અવનવી વાતોથી મોજ કરાવી. આસારામ બાપુની વાતમાં 'થોડી સી તો લિફ્ટ કરા દો, થોડી મહિલા જેલ મેં શિફ્ટ કરા દો...'ના વ્યંગ અને એની સાથે લગ્નની શરૂઆતથી છેક છૂટાછેડાની વાતોને એમણે હિન્દી ફિલ્મી ગીતો સાથે સરખાવીને નવો પ્રયોગ આપ્યો.

મહિલા સાથેની અનબન અને એટલે સ્ત્રીલિંગને પુલ્લીંગમાં વાત કરવામાં કચોરા, જલેબા, સબ્જા-મંડા, ભીંડા, ગોબા, તાલા બજાઓ સાથે પ્રત્યેક શબ્દની મજા કરાવી. એમના એક અન્ય સાથી ગોવિંદ રાઠીએ 'જબ કોયલેં કૌઓં કો સમર્થન દેતી હૈ, જીનકે હાથ મેં કુછ નહીં ઉન્હેં દેશ કી ચિંતા ખાયે જાતી હૈ, ઔર જીનકે હાથ મેં સબકુછ હૈ વો દેશ કો ખાયે જાતે હૈં...'ની સાથોસાથ દેશ ભક્તિના કેટલાય વ્યંગ અને એમનાં કાવ્યો રજૂ કર્યાં.

અન્ય એક કવિ સુરેન્દ્ર યાગવેન્દ્રએ 'ચોલી કે પીછે ક્યા હૈ ? વહાં ન જલવા હૈ, ન જન્નત હૈ, વહાં સિર્ફ અમૃત હૈ...' કહીને પહેલાં ગલગલિયા કરાવ્યા અને અચાનક એને માતાના રૂપમાં વાળીને શબ્દોની કમાલ કરી દીધી. એમણે ત્યાં બેઠેલા લોકો પર તત્કાલ કવિતાઓ બનાવીને એમની સર્જનતાનો પરચો આપ્યો. આ કાવ્ય સંમેલનનું સંચાલન નરેન્દ્ર બંજારને કર્યું. આ કવિ સંમેલનની મજા એ હતી કે દરેક કવિએ કોઈ કાગળ હાથમાં લીધા વગર સતત હાસ્ય-વ્યંગની રજૂઆત કરી હતી.

આર્ટ લવર્સના પ્રમુખ જગત કારાણીએ ગત વર્ષના કાર્યક્રમોની રૂપરેખા આપી અને નવા વર્ષના પ્રમુખ મેહુલ દોશી તથા મંત્રી નીરવ દવેનો પરિચય આપ્યો. આર્ટ લવર્સની સમગ્ર સમર્પિત ટીમને સ્ટેજ પર બોલાવી એમનો આભાર વ્યક્ત કર્યો. રંગોત્સવનો માસ્ટર સ્ટ્રોક એટલે 'ક્વિન હરિશ શો'. રાજસ્થાની પરંપરાગત પરિવેશ અને વાદ્યો સાથે એમણે રાગ માંડમાં કેસરિયા બાલમ પધારો મ્હારે દેશ રે... સાથે પ્રતીત કરાવ્યું કે આજની રાત રંગીન રહેશે.

હોલિયા મેં ઊડે રે ગુલાલ... ગુલાલ ઊડાડતા શરૂ થયેલા આ ગીતના નૃત્યમાં ક્વિન હરિશ જાતે આવ્યા. આ હરિશ એટલે પુરુષ પણ એમણે સ્ત્રીવેશમાં અદલ નૃત્ય માત્ર આ ગીતમાં જ નહીં, સમગ્ર કાર્યક્રમ દરમિયાન કરીને પોતાની કલાનો બખૂબી પરચો આપ્યો. જેસલમેર-બાડમેરના માગણિયાર લોકો જે ગીતો ગાય છે તે અને હમ દિલ દે ચૂકે સનમ ફિલ્મમાં આવેલું ગીત નીંબુડા... નીંબુડા... નીંબુડા... લોકગીતના સ્વરૂપે ગાઈને એમણે જમાવટ કરી.

રાજસ્થાની કલાકાર હરિશે પછી ભવાઈ નૃત્ય રજૂ કર્યું જેમાં એમણે




સાત ઘડા માથે લીધા અને રાજસ્થાની ગીત પર થાળી પર ઊભા રહી ડાન્સ કર્યો. સાથે ઓડિયન્સમાંથી બોલાવી ભવ્યા ભટ્ટને પણ નચાવી. એ ઘડા સાથે જ ચાર બૉટલ પર પાટલો મૂકી, બાદમાં ખુલ્લી તલવાર અને છેલ્લે સો રૂપિયાની નોટ મોંથી ઉંચકવા જેવા અદ્ભૂત કરતબ ક્વિન હરિશે બતાવી શ્રોતાઓને હેરત પમાડી.

રાજસ્થાની-કચ્છી દેશી વ્દાય મોરચંગ અને ઢોલકની જુગલબંદીનો દેશી ટેસડો કરાવ્યો અને પછી દસ મશાલવાળી રિંગ સાથે મેં લવલી હો ગઈ યાર... સાથે એક વધુ સરસ કૃતિ આપી. ઍન્ટરટેઈનમૅન્ટ કે લીએ કુછ ભી કરેગાના રનર્સ-અપ ક્વિન હરિશે પ્રકાશ જહાની ફિલ્મ જય ગંગાજલમાં નૃત્ય કર્યું છે. એમણે રંગ દે તુ મોહે ગેરુઆ... સાથે એક વધુ ડાન્સ કર્યો.

કરતાલ-તાલી-ઢોલકની જુગલબંદી બાદ એમણે શ્રોતાઓમાંથી બોલાવી અલગ અલગ ગીત પર અલગ ડાન્સ કરાવ્યા. ઋષિ ભટ્ટને બોલાવી એ મેરી જોહરાજબીં... અને સાડી કે ફોલ સા તુજે મૅચ કિયા રે.. ડાન્સ કરાવ્યો. જાપાનથી ભારત આવીને હિન્દુ ધર્મ અને નામ ધારણ કરનાર જિયાકીએ ચાંદનીદેવી બનીને ડાન્સ કર્યો. રાજસ્થાની કાલબેલિયા ડાન્સમાં યોગમુદ્રાઓ અને નાગીન ડાન્સ પર સૌને ડોલાવ્યા.

માથે સળગતી તલવાર લઈને બૅલેન્સ કરી પલ્લો લટકે.. અને હોલી ખેલે રઘુવીરા... વખતે ઑડિયન્સમાંથી દસેક સન્નારીઓને બોલાવીને નચાવ્યાં. એમાંય મૈનું કાલા ચશ્મા જચતા હૈ... પંખીડા અને સનેડો પર પણ નચાવ્યાં. એમણે પરીના ડ્રેસમાં પરદા-પરદા... અને યે દિવાની મસ્તાની હો ગઈ... પર સ્ત્રીને શરમાવે એવા ડાન્સ કરી બતાવ્યા.

બાલિકા વધૂ સિરિયલના ચરીનૃત્ય અને રાજસ્થાની કલાકારોએ ગાયેલા દમામદમ મસ્ત કલંદર...ની શાસ્ત્રીય સરગમ આકર્ષી ગઈ. વફંગ-ઢોલ પર કલાકારો જુગલબંદી કરી ગયા તો માત્ર હાર્મોનિયમ, ઢોલક, કરતાલ જેવા ત્રણ જણ સાથે આખું સંગીત મન ડોલાવે એવું હતું. ક્વિન હરિશે શ્રોતાઓની નાડ પારખીને જલસા કરાવ્યા અને આર્ટ લવર્સની હોળી-ધૂળેટીના રંગોત્સવમાં ખરા અર્થમાં અબીલ-ગુલાલથી ખુશીઓના રંગો પૂરી આપ્યા.

## વાચકોને આમંત્રણ

### સંવેદના વિભાગમાં સ્વાનુભવો લખવા

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવે છે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું હોય છે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવે છે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને ઍડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે. આ વખતનો વિષય છે :

**'મારી યાદગાર સ્કૂલ'**